સુખ બેંકની પાસબુકમાં નહીં, પણ નિરામય નિરોગી આયુષ્યમાં છે
- બર્નાડ શો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર
gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૪૬ | ૨૬ એપ્રિલ ૨૦૧૨, ગુરૂવાર, વૈશાખ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લાકક્ષાએ ફાઈલ ટ્રેકીંગ પદ્ધતિનો અમલ

## વહીવટીતંત્રમાં સરળીકરણ અને પ્રશ્નોનો ઝડપી ઉકેલ તેમજ ગુણાત્મક પરિવર્તન એ જ સરકારનું લક્ષ્ય : મહેસૂલ વિભાગે તેની કામગીરીમાં ગુણાત્મક પરિવર્તન આણ્યું છે : આનંદીબેન પટેલ - ગાંધીનગરમાં બે સરકારી કચેરીઓનાં મકાનનો કરાયેલો શિલાન્યાસ

ગાંધીનગર, તા. ૨૫

રાજય સરકાર પ્રજાને વહીવટીતંત્રનું સરળીકરણ અને પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે કટિબદ્ધ હોવાનું મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવી કહ્યું હતુ કે હવે જિલ્લા કક્ષાએ પણ ફાઈલોના ઝડપી નિકાલ માટે ટ્રેકીંગ પદ્ધતિનો અમલ કરવા અંગે સરકાર વિચારણા કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે વહીવટમાં સરળીકરણની સાથે સાથે પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે સરકારે નાગરિક અધિકાર પત્ર અમલમાં મુક્યા બાદ હવે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાનો અભિગમ અપનાવ્યો છે. તેમાં હજુ અંતરાયો આવી રહ્યા છે પણ અમે તેના અમલીકરણ માટે કટિબદ્ધ છીએ અને અમલમાં લાવીને જ ઝંપીશુ.

આજે ગાંધીનગર ખાતે સ્ટેમ્પડયુટી ભવન તેમજ જિલ્લાકક્ષાની કચેરીઓના નવા મકાનના ખાતમુહૂર્ત વિધિ બાદ સંબોધતાં શ્રીમતિ પટેલે જણાવ્યું હતુ કે પ્રજાના પ્રશ્નો ઘણા વર્ષોથી પડતર પડ્યા છે. આ પ્રશ્નો માટે જે ધ્યાને તંત્રએ આપવુ જોઈએ તે આપ્યું નથી અને એથી જ અમે આ દિશામાં આગળ વધી રહ્યા છીએ.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાઓમાં પ્રશ્નો ફાઈલોમાં અટવાયેલા ના રહે તે માટે ટ્રેકીંગ પદ્ધતિ દાખલ કરવાની વિચારણા ચાલી રહી છે. તેમણે કહ્યું કે આ અંગેના પાયલોટ પ્રોજેકટનું અમલીકરણ મહેસાણા જિલ્લામાં કરાયા બાદ અહેવાલ તૈયાર થઈ ગયો છે અને હાલ તેના પર અભ્યાસ ચાલી રહ્યો છે. અને ટુંક જ સમયમાં તેનું અમલીકરણ કરવામાં આવશે તેવો નિર્દેશ પણ આપ્યો હતો.

આ ટ્રેકીંગ પદ્ધતિના અમલને

● અનુસંધાન પાન-૭ પર



આમ તો કેરીની ઋતુ આવી પહોંચી છે, પણ હજુ જોઈએ એવી પાકી કેરી જોવા મળતી નથી. ગ્લોબલ વૉર્મીંગ કહો કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ આ વખતે ગરમીય મોડી પડી છે અને કેરીય મોડી થઈ છે. એમાંય વળી વચ્ચે માવઠું આવી જતાં કેરીને નુકસાન થયાની બૂમો પણ સંભળાઈ રહી છે. બજારમાં હવે માંડ માંડ મોટી સાઈઝની કાચી કેરી જોવા મળી રહી છે. અલબત્ત, કાચી કેરીના શોખીનો તો આ કેરી જોઈને આનંદમાં આવી ગયા છે અને એની મજા પણ લેવા માંડ્યા છે, પરંતુ પાકી કેરીના ચાહકોએ હજુ વીસેક દિવસ રાહ જોવી પડશે.

# દેશના તમામ રાજ્યોના મહેસૂલ સચિવો આગામી મે માસમાં ગુજરાત આવશે

ગાંધીનગર, તા.૨૫

આગામી ૨૮ અને ૨૯ મેના રોજ દેશના તમામ રાજયોના મહેસુલ સચિવો ગુજરાત આવી રહ્યા છે અને તેઓ રાજયમાં ચાલી રહેલ રીસર્વેની કામગીરીનો અભ્યાસ કરશે.

આજે ગાંધીનગર ખાતે સ્ટેમ્પ ડયુટી ભવનના શિલાન્યાસ પ્રસંગે બોલતાં તેમણે જણાવ્યું હતુ કે સમગ્ર દેશમાં જમીન માપણીની કામગીરીમાં ગુજરાત શ્રેષ્ઠ પુરવાર થતાં તેઓ અહીં અભ્યાસ માટે આવી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે મહેસુલી તંત્રમાં ગુણાત્મક પરિવર્તન માટે ગુજરાતે જે પહેલ કરી છે તેની નોંધ હવે દેશ લઈ રહ્યું છે. શ્રી મીનાએ જણાવ્યું હતુ કે એ.ટી.વી.ટી. અંતર્ગત ૨૧ લાખથી પણ વધુ અરજીઓ તંત્રને મળી હતી અને તે પૈકી ૨૦ લાખ અરજીઓનો નિકાલ કરી દેવામાં આવ્યો છે.

સ્ટેમ્પ ડયુટી ક્ષેત્રે થયેલી આવકનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતુ કે ૨૦૧૧-૧૨માં રૂ. ૪૬૦૦ કરોડની આવક થઈ છે અને આ વર્ષે આ આવક રૂ. ૫૪૦૦ કરોડ સુધી પહોંચશે તેવો લક્ષ્યાંક છે.

તેમણે ગુણાત્મક પરિવર્તનની દિશામાં લેવયેલા પગલાંઓનો ઉલ્લેખ કર્યા બાદ ભૌતિક સુવિધાઓ વિશે બોલતાં જણાવ્યું હતુ કે પહેલાં મહેસુલી કચેરીઓના આધુનિકરણ માટે જે જોગવાઈ થતી હતી તેમાં પાંચ ગણો વધારો આ વર્ષે સરકારે કર્યો છે.

શ્રી મીનાએ પાટનગરના વિકાસ માટે પણ ઘણી મોટી રકમની ફાળવણી કરવામાં આવી હોવાનું જણાવ્યું હતુ.

તેમણે કહ્યું કે પંડિત દિનદયાલ તાલિમ ભવનના રિનોવેશ પાછળ ગત વર્ષે એક કરોડ જેટલો ખર્ચ કરાયા બાદ આ વર્ષે વધુ બે કરોડનો ખર્ચ કરાશે અને રિનોવેશન પાછળ રૂ. ૭ કરોડ જેટલી જંગી રકમ તબક્કાવાર ખર્ચ કરી આ તાલિમ ભવન શ્રેષ્ઠ તાલિમ ભવન બનાવવાનું આયોજન છે.



સ્કૂલ્સ-કૉલેજીસમાં વૅકેશનના માહોલને કારણે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની મૉસમ પૂરબહારમાં ખીલી છે. વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી હૉલ પૅક જાય છે. આવો જ એક સાંસ્કૃતિક કાર્યક્રમ અમદાવાદ ખાતે યોજાયો હતો, જેમાં દેશના વિવિધ પ્રાંતોનાં લોકનૃત્યો રજૂ થયાં હતાં.

# ગાંધીનગરમાં બીજીએ સમરસ પંચાયત મહાસંમેલન

## ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાજ્યભરની સમરસ પંચાયતોના પ્રતિનિધિઓનું સંમેલન : મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવો આ સંમેલનમાં હાજર રહેશે

ગાંધીનગર, તા. ૨૫

આગામી બીજી મે ના રોજ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે રાજ્યની તમામ સમરસ પંચાયતોના પ્રતિનિધિઓનું મહાસંમેલન યોજાશે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને મળનાર આ સમરસ પંચાયતોના પ્રતિનિધિઓની બેઠકમાં વિકાસનાં કામો હાથ ધરવા તેમજ પંચાયતોની વહીવટીય પ્રથામાં કરાયેલા ફેરફારોની વિગતો સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવનાર છે.

રાજયમાં સમરસ થયેલ પંચાયતોના ચાર ઝોનમાં કરાયેલા અભિવાદન પછી પહેલીવાર હવે સમરસ પંચાયતોના પ્રતિનિધિઓનું મહાસંમેલન મળી રહ્યું છે.

આ મહાસંમેલનમાં ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓ જે હાલ અમલમાં છે તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવશે તેમજ નિર્મળ ગ્રામ અભિગમ અંગે લેવા જેવાં પગલાંની માહિતી પણ આપવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે પંચાયતી રાજ સંસ્થાઓનું આ બીજું સંમેલન મળી રહ્યું છે. અગાઉ નિર્મળ ગ્રામ સ્વર્ણિમ ગ્રામ યોજનાનાં ઈનામોના વિતરણ માટે સંમેલન યોજાયું હતુ.

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ આર્થિક રીતે મજબૂત બને તે માટે સરકારે અનેકવિધ પગલાં લીધાં છે અને તેની સીધી જાણકારી આ સંમેલનમાં આપવા ઉપરાંત ગ્રામ સચિવાલયની કલ્પના સાકાર કરવા માટેનાં જરૂરી પગલાં વિશેની સમજ આપવામાં આવનાર છે.

આ મહાસંમેલન અંગેની તૈયારીઓ પૂરજોશમાં તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.

૧૩માં નાણાં પંચના નવા વર્ષના આયોજનો કેવી રીતે કરવા તેમજ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ કરવાના થતાં કામોનું મોનિટરીંગ અસરકારક બનાવવા આ સંમેલનમાં માર્ગદર્શન અપાશે. મળતી વિગતો મુજબ આ મહાસંમેલનમાં પંચાયતી રાજના કોમ્પ્યુટરાઈઝેશન માટે કેટલીક મહત્વની જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવે તેવી શક્યતાઓ પણ નકારી શકાય નહિ.

# જિલ્લામાં સરદાર આવાસ યોજના અંતર્ગત ૮૬૧ આવાસોનું નિર્માણ કરવામાં આવશે

## જિલ્લાને આવાસ નિર્માણ માટે ચાર કરોડ રૂપિયાની ગ્રાન્ટ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં સરદાર આવાસ યોજના અંગે રૂ. ચાર કરોડની ફાળવણી સાથે ૮૬૧ જેટલા આવાસોના નિર્માણનો લક્ષ્યાંક ફાળવી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૦ થી ૧૬નો ગુણાંક ધરાવતા બી.પી.એલ. પરિવારોને આવાસ યોજના અંતર્ગત આવરી લીધા બાદ હવે બીજા તબક્કામાં સરકારે ૧૭થી ૨૦નો ગુણાંક ધરાવતા બી.પી.એલ. પરિવારોને આવાસની યોજના તળે આવરી લેવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ આ વર્ષે ૮૬૧ મકાનો બનાવવામાં આવશે. આ માટે રાજ્ય સરકારે રૂ. ૩ કરોડ ૮૭ લાખ જેટલી માતબર રકમની ફાળવણી પણ કરી દીધી છે.

મળતી વિગતો મુજબ રાજ્ય સરકારે ફાળવેલા લક્ષ્યાંકને પગલે જિલ્લાતંત્રએ પણ તાલુકાવાર મકાન નિર્માણનો લક્ષ્યાંક ફાળવી ગ્રાન્ટની ફાળવણી કરી દીધી છે.

ગાંધીનગર તાલુકામાં ૨૧૪ મકાનો માટે રૂ. ૯૬.૩૦ લાખ, કલોલમાં ૨૧૪ મકાનો માટે રૂ. ૯૬.૩૦ લાખ, માણસામાં ૨૧૪ મકાનો માટે રૂ. ૯૬.૩૦ લાખ તથા દહેગામમાં ૨૧૯ મકાનો માટે રૂ. ૯૮.૫૯ લાખની ફાળવણી કરી દેવામાં આવી છે.

આ અંગેની કામગીરી ખુબજ ઝડપથી શરૂ કરી દેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

DTH. TV રીમોટ મળશે
આપનું LED TV, LCD TV કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫
મોબાઈલ : ૯૭૧૪૧૯૮૩૬૬

પધારો ગાંધીનગર | પધારો ગાંધીનગર

લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને કોટી કોટી વંદન



બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડને નિગમમાં રૂપાંતરિત કરી અતિપછાત સમાજના સર્વાંગી વિકાસનો માર્ગ કંડારનાર, અતિપછાત જાતિઓના મસીહા સમાન પુરવાર થયેલ, છેવાડાના પદદલિત સમાજ માટે જેમના હૃદયમાં ભારોભાર લાગણી છે, એવા છ કરોડ ગુજરાતીઓનાં હૃદયસમ્રાટ ગુજરાતના નાથ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સન્માન કરતાં અતિપછાત સમાજો ગર્વની લાગણી અનુભવે છે. ઋણ સ્વીકાર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.

તારીખ : ૨૬-૪-૨૦૧૨, ગુરૂવાર
સમય : સવારે ૧૦-૩૦ કલાકે
સ્થળ : ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર

માન. મુખ્યમંત્રીશ્રી
નરેન્દ્રભાઈ મોદી



પુનમભાઈ મકવાણા
ચેરમેનશ્રી



પ્રવિણભાઈ પંડ્યા | ઉષાબેન બારોટ | ચંદનભાઈ રાણા | પ્રભુભાઈ મકવાણા | અજીત શાસ્ત્રી | મેઘજી વાજા | હંસા શ્રીગોડ | અરૂણ સાધુ | સોનાબેન સેનમા | રમેશભાઈ ચૌહાણ